ક્રમાંકઃશ્ર.આ.૬/૧/ ૨૦૧૬ / ૧૨૦૬ ૧ ૧૩૧૫
શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય,
ઉધોગ ભવન, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪,
બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર.
તારીખઃ- ૨૧/૧૦/૨૦૧૬

# પરિપત્ર

## કોન્ટ્રાકટ મજુર (નિ અને ના) અધિનિયમ,૧૯૭૦ હેઠળ ખાસ ભથ્થુ બહાર પાડવાબાબત.

આથી સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રીઓનેજણાવવાવમાં આવે છે. કે ,કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦ અને ગુજરાત નિયમો-૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાંઆવતા લાયસન્સની શરત નં(૪) માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લધુતમ વેતનધારા,૧૯૪૮ હેઠળ જે અનુસુચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લધુતમવેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે તે અનુસુચિમાં સરકારે નકકી કરેલ લધુતમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહભથ્થું ચૂકવવાનું રહે છે. .પરંતુ જે વ્યવસાયોનો લધુતમ વેતન હેઠળની અનુસુચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લધુતમ વેતનધારા,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસુચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦ અને ગુજરાત નિયમો-૧૯૭૨ના નિયમ,૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ , શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજુરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. . જે તા.૧/૩/૧૫થી અમલમાં આવેલ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક લધુતમ વેતન દર | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બીનકુશળ | ૨૭૬ | ૨૬૮ |

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ

ઝોન-૧ ગુજરાત રાજયમાં,ગુજરાતપ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોપોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયતકરેલ મૂળ વેતનનાદરો ઉપરાંત જીવન નિર્વાહનાઆંકઉપર આધારિત આપવનું ખાસ ભથ્થું તા. ૦૧/૧૦/૨૦૧૬ થી તા.૩૧/૩/૨૦૧૭ સુધીના ૬(છ) માસના સમય માટે દૈનિક રૂ.૨૦.૮૦ પૈસા(અંકે રૂપિયા વીસ અને એસી પૈસા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સતાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે.આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના:

(૧)અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી,

(૩) સર્વે મદદનીશ શ્રમ આયુકતશ્રી,

(૪) સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રી,

(૫)કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ અને આઇ.ટી. સેલ

(૬) શાખાની સીલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ